અરિહંત ફાર્મસી કોલેજમાં 'PITCH 2020'ના બે દિવસીય રાષ્ટ્રીય ઈવેન્ટનું આયોજન

ગાંધીનગર, તા. ૨૮

અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી અને બી.આર.આઈ - અડાલજ, ગાંધીનગર ખાતે તારીખ ૨૫ અને ૨૬-૯-૨૦૨૦ ના રોજ ગુજકોસ્ટ, ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સિલ અને, IPA પ્રાયોજિત 'PITCH 2020'નો બે દિવસીય રાષ્ટ્રીય ઈવેન્ટનું આયોજન વૈશ્વિક ઓષધકાર દિવસ (WORLD PHARMACIST DAY) ની ઉજવણીના ભાગ રૂપે ઉત્સાહ પૂર્વક કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સફળ સંચાલન સંસ્થાના સંશ્થાપક રિષભ જૈન, પ્રિન્સિપાલ ડૉ. રાગિન શાહ અને વાઈસ પ્રિન્સિપાલ ડૉ. દિવ્યકાંત પટેલના માર્ગદર્શક હેઠળ કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ ફાર્મસી કોલેજમાંથી ૩૦૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

આ કાર્યક્રમના ઉદઘાટન સમારંભમાં ડો.નરોત્તમ શાહુ (એડવાઈઝર ગુજકોસ્ટ), ડો સી.એન.પટેલ (ગુજરાત ફાર્મસી કાઉન્સિલ મેમ્બર અને પ્રિન્સિપાલ, સાર્વજનિક કોલેજ ઓફ ફાર્મસી, મહેસાણા) તથા મોન્ટુકુમાર પટેલ (પ્રેસિડેન્ટ, GSPC) એ વિશેષ અતિથિગણ તરીકે હાજરી આપી હતી અને પોતાના મંતવ્ય રજુ કર્યા હતા. હાલની પ્રવર્તમાન COVID - 19 ની મહામારીના લીધે આ ઈવેન્ટ માઈક્રોસોફ્ટ ટીમ ના માધ્યમથી લાઈવ રજૂ કરવામાં આવી હતી. જેની મુખ્ય થીમ 'પરિવર્તિત વૈશ્વિક આરોગ્ય' (TRANSFORMING GLOBAL HEALTH) રાખવામાં આવી હતી



આ ઈવેન્ટ દરમ્યાન સ્ટાર્ટ-અપ પ્રવુતિ સાથે સક્રિય રીતે જોડાયેલા પ્રસિદ્ધ જાણકારો દ્વારા વ્યક્તવ્યો રજૂ કરાયા હતા. જેમાં ડો. કૃતિ પટેલ (FOUNDER & DIRECTOR, SHE & WE- WOMEN ENTREPRENUERSHIP FOUNDATION) વુમન ઈન્ટરપ્રેન્યોરશિપ એન્ડ સ્ટાર્ટ-અપ્સ તથા ડો. પ્રફુલ ડી ભારાડીયા (IPS SECRECTARY, GUJARAT BRANCH & PROFEESOR, LM COLLEGE OF PHARMACY) એ ઈનોવેશન એન્ડ સ્ટાર્ટ-અપ્સ ઈન ફોર્મ્યુલેશન્સ ઓફ ડોસેઝ ફોર્મ પર પોતાના મંતવ્ય રજૂ કર્યા હતા.

આ ઈવેન્ટમાં ૩૦૦ વિદ્યાર્થીઓ માંથી ૭૫ જેટલા વિદ્યાર્થીઓએ પોતાના સ્ટાર્ટ-અપ્સ બાબતેના ઈનોવેશન્સ રજૂ કર્યા જેમાંથી ૨૦ જેટલા સ્ટાર્ટ-અપ્સ આગળ વધીને આત્મનિર્ભર ભારતની પ્રવૃત્તિને વેગ આપવા સક્ષમ હતા. આ સ્પર્ધાના અંતે પ્રથમ ત્રણ વિજેતાઓને સ્વર્ણિમ સ્ટાર્ટ-અપ એન્ડ ઈનોવેશન યુનિવર્સીટીના વાઈસ પ્રેસિડેન્ટ આદિ જૈન દ્વારા રોકડ રકમ પુરસ્કાર તરીકે આપવામાં આવી હતી. આ કાર્યક્રમની પુર્ણાહુતીમાં આભાર વિધિ ઈવેન્ટના કોર્ડીનેટર ડો હિરલ શાહ અને કો-કોર્ડીનેટર ડો જિજ્ઞાસા દેરાસરી દ્વારા કરવામાં આવી હતી

બીબીએ કૉલેજ દ્વારા 'કમ્યુનિકેશન સ્કિલ - બિઝનેસ બોડી લેન્ગ્વેજ' વિષય પર ઓનલાઈન વર્કશોપનું આયોજન



ગાંધીનગર, તા. ૨૮

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન ગાંધીનગર,સેક્ટર-૨ ઉમાં આવેલી બીબીએ કૉલેજ ખાતે દ્વિતીય વર્ષ ના ૧૫૦ વિદ્યાર્થીઓ માટે વર્કશૉપનું આયોજન કરવા માં આવ્યું હતું.

મુખ્ય વક્તા સઝીલ શાહ દ્વારા વિદ્યાર્થીઓને સફળ આંત્રપેન્યોર બનવા માટે માર્ગદર્શિત કર્યા હતા.સફળ કારકિર્દી ના ઘડતર માટે વિદ્યાર્થીઓ ને ઈફેક્ટીવ કમ્યુનીકેશન સ્કીલ ડેવલોપ કરવા માટે ઉત્તમ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે વિવિધ ઉદાહરણો તેમજ તેમના સ્વાનુભવ થી સરળ તેમજ સફળ કમ્યુનીકેશન માટેની ટીપ્સ આપી હતી.તેમજ વ્યક્તિ ના બોડી લેન્ગ્વેજ પરથી તેનો પ્રભાવ અને વ્યાવસાયિક જીવન માં તેનો પ્રભાવ બાબતે અનેક વ્યક્તિઓ ના ઉદાહરણ આપી વિદ્યાર્થીઓ ને રસપ્રદ રીતે સમગ્ર વિષય સમજાવ્યો હતો.

કમ્યુનિકેશન ની અંદર થતી ભૂલો ના દુષ્પરિણામો વિષે પણ તેમણે વિદ્યાર્થીઓને સહજતાથી સમજાવ્યું હતું. તેમજ કેટલાક પ્રાયોગિક ઉદાહરણો પણ અહીં આપ્યા હતા.મેનેજમેન્ટના વિદ્યાર્થીઓ સફળ આંત્રપેન્યોર બની શકે તે માટે તેમનો અભ્યાસક્રમ પણ તેમને ઉપયોગી થાય છે. સાથે સાથે વિદ્યાર્થીઓ ને તેમના લક્ષ્ય નિર્ધારણ માટે માર્ગદશન આપ્યું હતું.

સમગ્ર કાર્યક્રમ ડૉ.રમાકાન્ત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ,પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડો.જયેશ તન્ના, ડો આશિષ ભુવા તેમજ કોલેજ પરિવાર દ્વારા સફળતા પૂર્વક યોજવા માં આવ્યો હતો.

સકારાત્મક અભિગમ વિષય પર રસપ્રદ ચર્ચાગોષ્ઠી યોજાઈ

વક્તાઓએ તણાવરહિત જીવનની શક્યતાઓ રેખાંકિત કરી

ગાંધીનગર, તા. ૨૮

પાછલા કેટલાક સમયથી બહુ ચર્ચિત થયેલ વર્ચ્યુઅલ સભામંચ 'મારી ભાષા ગુજરાતી'ના ઉપક્રમે 'વ્યક્તિ અને સમાજમાં સકારાત્મકતાનો પ્રભાવ' વિષય પર રવિવારે રસપ્રદ ચર્ચા યોજાઈ હતી. જાણીતા

પત્રકાર અને સકારાત્મક કથાઓના લેખક રમેશ તન્ના સાથેની ગોષ્ઠીમાં સકારાત્મક અભિગમ વિષે વિસ્તારથી વિચારણા થઈ હતી. તન્નાએ કહ્યું કે 'સકારાત્મકતા અભિગમ કેળવીને જીવનને તનાવરહિત બનાવી શકાય છે.' સકારાત્મકતા એટલે કે પોઝિટિવિટી વાસ્તવમાં શું છે એ વિષે સચોટ વ્યાખ્યા કરતાં તેમણે જણાવ્યું કે 'પોઝિટિવિટીમાં ઘણી શક્તિ હોય છે. કોઈ પણ વ્યક્તિ જીવનમાં ડગલેપગલે પોઝિટિવ વલણ અપનાવીને પોતાના જીવનની સમસ્યાઓને હલ કરી શકે છે. અથવા તો સમસ્યા જેવું કશું ઉત્પન્ન જ નહિ થાય એવું વાતાવરણ રચી શકે છે.

વધુમાં તેમણે જણાવ્યું કે 'પોઝિટિવ અભિગમ રાખવાથી ડિપ્રેશન પણ દૂર થઈ શકે છે.' તેમણે ભાર દઈને કહ્યું કે 'વાસ્તવમાં વ્યક્તિનું 'માઈન્ડ ફ્રેમ ઓફ પોઝિટિવ' હોય છે તે દરેક સંજોગોને સહજ રીતે લે છે. પોઝિટિવિટીને કારણે લાગણી-ઈમોશન્સમાં થતી ગૂંચવણોને પણ ધીમે ધીમે ઓછી કરી શકાય છે.' તેમણે અનેક ઉદાહરણો આપીને કહ્યું કે 'પોઝિટિવિટીને કારણે અનેક વ્યક્તિઓના જીવનમાં સકારાત્મક પરિવર્તનો આવ્યાં છે. પ્રયત્નો કરીને સ્વભાવ અને જીવનમાં પોઝિટિવિટી ઉમેરવાનું શક્ય છે અને તેને કારણે વ્યક્તિનું જીવન પ્રેમમય અને પ્રસન્નતાથી તરબતર થાય છે.'

દિલ્હીમાં ૨૧ વર્ષથી પ્રકાશિત એકમાત્ર ગુજરાતી પારિવારિક પાક્ષિક 'ગુજરાતધારા'ના પ્રકાશક-તંત્રી વિરાટભાઈ શાહે જણાવ્યું હતું કે 'નબળા અને વિકટ સંજોગોમાં પોઝિટિવિટી વરદાનરૂપ સાબિત થતી હોય છે.'

કાર્યક્રમના આયોજક-સંયોજક ભાગ્યેન્દ્ર પટેલે જણાવ્યું કે 'પ્રાકૃતિક શક્તિશાળી ઘટનાઓથી લઈને બેટરીના સેલ સુધી ધન અને ઋણભાર બે વિપરીત અને તોય એકબીજાની સાપેક્ષે રહેલ પાસાંઓ છે એમ જ કદાચ વ્યક્તિમાં પણ પોઝિટિવિટી અને નેગેટિવિટીનું વલણ રહેલું હોય છે, પણ એનો તફાવત ક્રમશઃ ૫૧ ટકા અને ૪૯ ટકાનો રહે તોય સકારાત્મક અભિગમને ઉપરના સ્થાને રાખી શકાય; અને જે ઉન્નત માર્ગે જ લઈ જશે.

યોગાનુયોગ આંતરરાષ્ટ્રીય દીકરી દિને યોજાયેલ 'મારી ભાષા ગુજરાતી' સાપ્તાહિક કાર્યક્રમનો આ ૧૬મા અંકમાં વક્તાઓએ દીકરીને સકારાત્મકતાનું બહુ પ્રભાવશાળી પ્રતીક ગણાવતાં સકારાત્મકતા સંદર્ભે નારીશક્તિનો મહિમા કર્યો હતો.

બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયની વિદ્યાર્થીની પોસ્ટર પ્રેઝન્ટેશનમાં આંતર-રાષ્ટ્રીય કક્ષાએ રનર્સ-અપ

વલ્લભ વિદ્યાનગર, તા. ૨૮

ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય માં ઈ.સી એન્જીનીયરીગ બ્રાન્ચ માં ચોથા વર્ષ માં અભ્યાસ કરતી ધ્વનિ ત્રિવેદીએ UNESCO Chair ICT4D, Royal Holloway University, London UK દ્વારા આયોજિત ICT4D Non-Conference 2020:Rethinking Safe Inclusive Digital Technology for All માં પોસ્ટર પ્રેઝન્ટેશનમાં Emerald Publishing House, UK દ્વારા જાહેર કરાયેલ પરિણામ માં રનર્સ-અપ ની સિદ્ધિ મેળવી છે. ઉપરોક્ત ઈન્ટરનેશનલ કોન્ફરન્સ માં સમગ્ર વિશ્વ માંથી આવેલા પોસ્ટર માંથી પેનલ દ્વારા ૧૯ પોસ્ટર અલગ અલગ રીજીયન જેવા કે આફ્રિકા -૯,એશિયા-૧,લેટિન અમેરિકા-૧,નોર્થ અમેરિકા-૧ માંથી પસંદગી પામ્યા હતા.ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ની થીમ એક્સેસીબિલીટી, સાયબર સિક્યુરિટી, એજ્યુકેશન, જેન્ડર, ગવર્નમેન્ટ, માઈગ્રેશન સસ્ટેનેબિલિટી, યુથ પર આધારિત હતી.

ઈસી એન્જનિયરિંગ ના વડા ડૉ.ભાર્ગવ ગોરડિયા એ જણાવ્યું હતું કે ધ્વનિ ત્રિવેદીએ



તૈયાર કરેલ "AI Enabled Diagnosis Tool Using Tongue Image Capture With Automatic Prescription Generation for SDG3" નો મુળભુત ઉદેશ્ય જીભ ની ઈમેજ કેપ્ચર કરીને ઓટોમેટિક પ્રિસ્ક્રિપશન જનરેટ કરવાનો છે જે એવા પ્રદેશો માં ઉપયોગી છે જ્યાં પ્રાથમિક મેડિકલ ફેસિલિટી તથા મેડિકલ ટુલ્સ સરળતા થી મળી શકે તેમ નથી.

ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ એન્જીનીયર ભીખુભાઈ પટેલ તથા અન્ય હોદ્દેદારો એ આંતરરાષ્ટ્રીય સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા

જન્મદિને વધામણી

નયનાબેન પંકજભાઈ દેસાઈ
નિવૃત્ત શિક્ષક, સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ, ગાંધીનગર
મો. ૯૮૯૮૭ ૧૫૭૮૨

ડી પી મોદી
મો. ૯૯૦૯૯૩૧૮૨૪

મેહુલ વ્યાસ
પત્રકાર
ગુજરાત સમાચાર, ગાંધીનગર
મો. ૯૯૯૮૪ ૫૨૯૯૯

કિરણ એ ગોર
મો. ૯૪૨૬૭ ૪૯૯૭૪

નેન્સીબેન દિપકભાઈ વાઘેલા

નિરાલી મુકેશકુમાર દવે

ભક્તિ ચિરાગ મિસ્ત્રી

યુગ મિતેશકુમાર શર્મા
મો. ૯૭૨૩૬૧૪૨૮૨

રસિકભાઈ જમોડ
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ

જય વિષ્ણુદાસ સાધુ
મો. ૮૩૨૦૭૩૬૦૯૫

જીનય અલ્પેશ પટેલ
મો. ૯૪૨૭૩ ૦૫૫૫૮

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત ખાતે 'ગુજરાત અને રાજસ્થાનનું જનજાતીય સાહિત્ય' વિષયે બે દિવસીય નેશનલ વેબિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૨૮

તારીખ ૨૩-૨૪ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ગુજરાતી ભાષા-સાહિત્ય કેન્દ્ર, ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલય અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે "ગુજરાત અને રાજસ્થાનનું જનજાતીય સાહિત્ય 'બે દિવસીય વેબિનાર યોજાયો હતો. આ વેબિનારની ભૂમિકા ગુજરાતી ભાષા-સાહિત્ય કેન્દ્રના અધ્યક્ષ પ્રો. રાજેશ મકવાણાએ રજૂ કરતા ગુજરાત અને રાજસ્થાનના અનુબંધની વાત કરી હતી અને આ વિષય રાખવા પાછળનો વિચાર રજૂ કર્યો હતો.ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ વિષ્ણુ પંડયા, ડીન પ્રો. અતનુ ભટ્ટાચાર્ય,યુનિવર્સિટીના કુલસચિવ પ્રો. આલોક ગુપ્ત, અકાદમીના મહામાત્ર ડો. હિમ્મત ભાલોડીયા ઉપસ્થિત રહ્યા હતા. બીજરૂપ વકતવ્યમાં ગુજરાતના જાણીતા લોકવિદ્યાવિદ્ હસુ યાજ્ઞિકએ ગુજરાત અને રાજસ્થાનની જનજાતિયોના ઈતિહાસ-સંસ્કૃતિ અને લોકસાહિત્યની વિગતે વાત કરી હતી. કાર્યક્રમને અંતે યુનિવસિટીના કુલપતિ પ્રો. રમા શંકર દુબેએ ગુજરાતની ગૌરવશાળી ભૂમિની વાત કરી હતી. છેક સિંધુખીણની સંસ્કૃતિથી ગુજરાતના વારસાનો ઉલ્લેખ કર્યો હતો. આ ઉપરાંત ગુજરાતના લોકસાહિત્યના વારસાને સાચવવા માટે ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલય ખાતે દેશજ વિદ્યાઓના અભ્યાસ માટે એક કેન્દ્ર ઊભું કરવાની જાહેરાત કરી હતી. આ બેઠકનું સુંદર સંચાલન ડો. અજયસિંહ ચૌહાણે કર્યું હતું.

બીજી બેઠકમાં "ઉત્તર ગુજરાતનું જનજાતિય લોકસાહિત્ય 'વિષયે ડો.ભગવનદાસ પટેલે , "દક્ષિણ ગુજરાતનું જનજાતિય લોકસાહિત્ય' વિષયે ડો. આનંદ વસાવાએ, "સૌરાષ્ટ્રનું જનજાતિય લોકસાહિત્ય 'વિષયે ડો. જે. એમ. ચંદ્રવાડિયાએ વિગતે સમીક્ષા કરી હતી. ત્રીજી બેઠકમાં 'રાજસ્થાન કી જનજાતિય લોકસંસ્કૃતિ અને પરંપરા' શ્રી મદન મીનાએ, "દક્ષિણી રાજસ્થાન કા જનજાતિય લોકસાહિત્ય'વિષયે ડો. ગણેશ લાલ નિનામાએ, "રાજસ્થાન કે જનજાતિય આધારિત ઉપન્યાસ; વિષયે ડો. ગજેન્દ્રકુમાર મીનાએ વિગતે ચર્ચા કરી હતી. ત્રીજી અંતિમ બેઠકમાં ગુજરાત અને રાજસ્થાની આદિવાસી લોકસાહિત્યના અભ્યાસુ વિદ્વાનોએ પોતાના શોધપત્ર પ્રસ્?તુત કર્યા હતા.

આ કાર્યક્રમમાં ગાંધીનગરના જાણીતા સર્જકો, ગુજરાતના અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ ઉપરાંત ચાર હજારથી વધુ લોકોએ ફેસબૂક પર જીવંત પ્રસારણ નિહાળ્યું હતું. ગુજરાતી ભાષા સાહિત્ય કેન્દ્રના અધ્યક્ષ

પ્રોરાજેશ મકવાણા અને વેબિનારના સંયોજક ડો. અજયસિંહ ચૌહાણે ખૂબ જહેમત ઉઠાવી હતી.

મગોડી સ્થિત રાહેલબા વૃદ્ધાશ્રમના ૫૦ વડીલો સાથે ભાજપ દ્વારા મનકી બાત કાર્યક્રમ માણ્યો

ચિલોડા, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાના મગોડી ગામે રાહેલબા વૃદ્ધાશ્રમ ખાતે સંસ્થામાં રહેતા ૫૦ જેટલા વડીલો સાથે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના 'મનકી બાત'નો કાર્યક્રમ સાંભળવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં પ્રદેશ ભાજપ યુવા મોરચાના ધવલભાઈ દવે, નિરવભાઈ દવે, ગાંધીનગર જિલ્લા યુવા ભાજપના પ્રમુખ વિજેન્દ્રસિંહ વાઘેલા તથા ઉપપ્રમુખ જૈમિન પટેલ તથા પોરબંદર જિલ્લા ભાજપ યુવા મોરચાના મંત્રી જયભાઈ કક્કડ વગેરે કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત વૃદ્ધાશ્રમના વડીલોને પૌંઓનો નાસ્તો આપી સેવાનો લ્હાવો લીધો હતો.

પાટનગરના પાદરે જ ઐતિહાસિક વિરાસતના જતનમાં ઉદાસીનતા...!

ગાંધીનગરથી નજીકની અંબાપુરની ઐતિહાસિક વાવમાં કચરાના ઢગલા : વાવમાં વિખરાયેલી દેશી દારૂની પોટલીઓ અને નમકીનના ખાલી પેકેટસ વાવની દુર્દશાની ચાડી ખાય છે : ૧૫મી સદીની કલાત્મક વાવની સારસંભાળમાં વહીવટી તંત્રની ઘોર ઉપેક્ષા

ગાંધીનગર, તા.૨૮

ગુજરાતમાં ઐતિહાસિક સ્થાપત્યનો અખૂટ ખજાનો રાજયભરમાં ફેલાયો છે પરંતુ આ વારસાના જતનમાં વહીવટીતંત્રની ઉદાસીનતા ઉડીને આંખે વળગે તેવી છે. ગુજરાતના પાટનગરને અડીને અંદાજે ૨૦ કિમીના દાયરામાં આવેલી બે ઐતિહાસિક વાવ પૈકી 'એકને ગોળ અને એકને ખોળ' જેવી નીતિ જોવા મળી રહી છે. એક તરફ જયાં અડાલજની વાવને વૈશ્વિક પ્રસિધ્ધિ પ્રાપ્ત થઈ રહી છે ત્યારે બીજી તરફ તેનાથી આશરે માંડ ૧૫ કિમી દૂર ગાંધીનગરથી વધુ નજીક પૌરાણિક વાવ આવેલી છે જેના ગવાક્ષોની ઉપર ઈલિકા ભાત અને

અંદર મોટા કમળો તેમજ સુરેખ ખૂણિયા સાથેના ભારવાહકો ઉપરાંત એવી અંબાપુરની વાવના જતન પ્રત્યે ભારોભાર બેદરકારી જોવા મળી રહી છે.

અંબાપુર ગામે ૧૫મી સદીની નીચી વંડીની પાંચ ફૂટ ધરાવતી કુંડ અને કૂપને સંલગ્ન સર્પાકાર પગથિયા સાથે કલાત્મક કોતરણી સાથેના શિલ્પ ધરાવે છે. આ વાવ ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ક્રમાંક ૨૫ અંતર્ગત રક્ષિત છે અને વાવને નુકસાન પહોંચાડનારને રૂ. ૫ હજાર અથવા ત્રણ માસની કેદ અથવા બેઉ સજાને પાત્ર છે. આમ છતાં આ વાવમાં કચરા-ગંદકીના થર જોવા મળી રહ્યા છે. જેમાં સૌથી આઘાતજનક બાબત તો એ છે કે આ વાવમાં દેશી દારૂની ખાલી પોટલીઓ, નમકીનના ખાલી રેપર્સ વધુ પ્રમાણમાં વિખરાયેલા જોવા મળે છે જે વાવનો ઉપયોગ કોણ અને શા માટે કરે છે તે સ્પષ્ટ ફલિત થાય છે. વળી, વાવના ઉપરના ભાગે પણ ઘાસ સાથે વિવિધ વનસ્પતિ ઉગી નીકળી છે જે વાવના સ્થાપત્યને નુકસાન કરી નબળું પાડી રહી છે. આ સ્થિતિના કારણે આ ઐતિહાસિક વાવની મુલાકાતે આવતા ઈતિહાસ પ્રેમીઓ સ્થાપત્ય પ્રેમીઓ તેમજ સહેલાણીઓ વાવની દુર્દશા જોઈને અત્યંત નિરાશ થઈ રહ્યા છે.

પ્રવેશ ફી રાખી તેની આવક વાવના જતનમાં વાપરો...!!

અંબાપુરની વાવમા અનેક યુગલો દ્વારા પ્રિવેડીંગ કે પ્રિ-એન્ગેજમેન્ટ વિડિયો શુટ કરવામાં આવે છે. થોડા સમય પૂર્વે ગાંધીનગરના ઉડ્ડયન ગ્રુપ દ્વારા વાવની સ્વૈચ્છિક રીતે સફાઈ કરવામાં આવી હતી જેમાં તેમણે અંદાજે છ થેલા ભરીને કચરો એકત્ર કર્યો હતો. આ સ્વયંસેવકોના મતે જો વાવના પ્રવેશ તથા ફોટોગ્રાફી-વિડિયોગ્રાફી માટે ટોકન ચાર્જ રાખી તેની આવકનો ઉપયોગ વાવના જતન માટે કરવામાં આવે તો આ ઐતિહાસિક ધરોહરને હજુ પણ ખંડેર થતી બચાવી શકાય અને અસામાજિક તત્ત્વોના ઉપયોગની ચુંગલથી છુટકારો પ્રાપ્ત થઈ શકશે.